# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-11-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડામાં હિન્દુ મંદિર પર થયેલા હુમલાની નિંદા કરી.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પ્રથમ એશિયાઈ બૌદ્ધ સંમેલનમાં ઉપસ્થિત રહેશે

3) અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માટે આજે મતદાન, કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધો જંગ

4) કેરળ સહિત પૂર્વીય રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

5) અને વિશ્વ સૉફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતના તનુશ્રી પાંડેએ રજત ચંદ્રક જીત્યો

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM CANADA ATTACK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેનેડામાં હિન્દુ મંદિર પર થયેલા હુમલાની નિંદા કરી છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે ભારતીય નેતાઓને ધમકાવવાનો પ્રયાસ પણ કાયરતા પૂર્વકનું વર્તન છે. તેમણે કહ્યું કે હિંસાની આવી ઘટનાઓ દેશનો સંકલ્પ નબળો ન કરી શકે. પ્રધાનમંત્રીએ કેનેડા સરકારને આ મામલે ન્યાય સુનિશ્ચિત કરવા માટે કહ્યું.

# PRESI BAUDH CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં પ્રથમ એશિયાઈ બૌદ્ધ સંમેલનમાં ઉપસ્થિત રહેશે. બે દિવસ ચાલનાર આ સંમેલન બૌદ્ધ ધર્મના સમૃદ્ધ વારસાને રેખાંકિત કરશે. બૌદ્ધ મતના વિશિષ્ટ પ્રતિનિધિ, વિદ્વાન તેમજ અનુયાયીઓ તેમાં ભાગ લેશે.

બેઠક દરમિયાન બૌદ્ધ સમુદાય સામે આવી રહેલા પડકારોના ઉકેલો વિશે ચર્ચા થશે. સંસ્કૃતિ મંત્રાલયે આતંરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘના સહકારથી આ સંમેલનનું આયોજન કરાયું છે, જેનું વિષય વસ્તુ છે 'એશિયાને સુદ્દઢ કરવામં બુદ્ધ ધમ્મની ભૂમિકા'.

# MAHA ELECTION

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર પરત લેવાનો ગઈકાલે અંતિમ દિવસ હતો. ઘણા ઉમેદારોએ ગઈકાલે નામ પરત ખેંચ્યા હતા. રાજ્યમાં ઉમેદવારી પત્રો પરત લેવાયા બાદ હવે 4 હજાર, 140 ઉમદેવાર ચૂંટણી મેદાનમાં છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં 20 નવેમ્બરના રોજ મતદાન થશે અને 23 નવેમ્બરના રોજ મત ગણતરી યોજાશે.

# PM-MAHARASHTRAVISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 8થી 14 નવેમ્બર દરમિયાન મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર કરશે. મહારાષ્ટ્ર ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેના જણાવ્યા અનુસાર 8થી 14 નવેમ્બર દરમિયાન પ્રધાનમંત્રી રાજ્યમાં 11 જેટલી ચૂંટણી સભાઓને સંબોધન કરશે. જેમાં 8 નવેમ્બરના રોજ ધુલે અને નાસિકમાં, 9 નવેમ્બરના રોજ અકોલા અને નાંદેડમાં, ચંદ્રાપુર, ચિમુરા, સોલાપુર અને પુણેમાં 12 નવેમ્બરના રોજ તથા સાંભાજીનગર, નવી મુંબઈ અને મુંબઈમાં 14 નવેમ્બરના રોજ જાહેર સભાઓને સંબોધન કરશે..

# JHARKHAND CAMPAIGN

ઝારખંડમાં શાસક અને વિરોધ પક્ષો મતદારોનું સમર્થન મેળવવા માટે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો કરી રહ્યા છે. ભાજપના ઝારખંડ ચૂંટણીસહ-પ્રભારી અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ આરોપ લગાવ્યો કે મુખ્યમંત્રી હેમંત સોરેન વોટ બેંક માટે બાંગ્લાદેશી ઘૂસણખોરોને રક્ષણ આપે છે.

બીજી બાજુ, JMMના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેને ભાજપ પર આરોપ મૂક્યો છે કે તેમણે 2019 માં સત્તા સંભાળી ત્યારથી તેમની સરકાર વિરુદ્ધ કાવતરું રચવામાં આવી રહ્યું છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે રાંચી અને લોહરદગામાં ચૂંટણી સભાઓને સંબોધિત કરશે, જ્યારે ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જમશેદપુર અને કોડરમામાં NDAનાં ઉમેદવારો માટે પ્રચાર કરશે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે માંડુ અને કાંકેમાં રેલીઓમાં ઇન્ડિયા ગઠબંધનનાં ઉમેદવારો માટે મત માંગશે.

# BY POLL DATE

કેરળ, પંજાબ અને યુપીમાં ચૂંટણીની તારીખમાં ફેરફાર કરાયો છે. હવે આ રાજ્યોમાં 13 ને બદલે 20 નવેમ્બરના રોજ મતદાન કરવામાં આવશે. ચૂંટણી પંચે ત્રણ રાજ્યોમાં 14 વિધાનસભાની બેઠકોની ચૂંટણીઓ સાથે, સંબંધિત મતદાનની તારીખો બદલી છે.

તારીખ બદલવા અંગેનુ કારણ આપતા ચૂંટણી પંચે કહ્યું કે, વિવિધ પક્ષો દ્વારા માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના રાજકીય પક્ષો એવાભાજપ, કોંગ્રેસ, બીએસપી, આરએલડી સહિતની રજૂઆત મળી હતી કે 13 નવેમ્બરે મોટાપાયે સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો યોજાવાના હોવાથી મતદાનની ટકાવારી ઘટી શકે છે. આ કારણને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે તારીખો છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

..............................................................................

# US PRESIDENT ELECTION

અમેરિકામાં નવા રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માટે આજે મતદાન થવા જઈ રહ્યું છે. રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક પક્ષના કમલા હેરીસ વચ્ચે સીધો જંગ છે. ભારતીય સમય અનુસાર સાંજે સાડા પાંચથી સાડા સાત વાગ્યા વચ્ચે મતદાન શરૂ થશે, જે ભારતીય સમય અનુસાર વહેલી સવારે સાડા પાંચથી સાડા નવ વાગ્યા વચ્ચે પૂર્ણ થશે. લાખો મતદારો પહેલા જ પોસ્ટ બેલેટ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ચૂક્યા છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની વિશેષ પ્રક્રિયા છે, જેને ઇલેક્ટ્રોલ કૉલેજ કહેવામાં આવે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે 538 ઇલેક્ટ્રોલ કૉલેજમાં 270 કે તેથી વધુ મત જરૂરી છે. મતગણતરી છ જાન્યુઆરીએ સંસદના સંયુક્ત સત્રમાં થશે. જે ઉમેદવારના મતોની સંખ્યા 270 સુધી પહોચી જશે, તેમને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે. અમેરિકાના નવા રાષ્ટ્ર પ્રમુખનો ચાર વર્ષનો કાર્યકાળ 20 જાન્યુઆરીથી શરૂ થશે.

# AMIT SHAH ON INDIAN LANGUAGES

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે ભારત વિશ્વનો એક માત્ર દેશ છે, જેની 11 ભાષાઓને શાસ્ત્રીય ભાષાઓ તરીકેની ઓળખ મળી છે. નવી દિલ્હી ખાતે ગઈકાલે મળેલી કેન્દ્રીય હિન્દી સમિતિની 32મી બેઠકની અધ્યક્ષતા કરતા તેમણે આ કહ્યું. કેન્દ્રીય હિન્દી સમિતિએ ઉચ્ચ કક્ષાની સમિતિ છે, જે હિન્દી ભાષાના વિકાસ અને પ્રસાર- પ્રચાર માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

શ્રી શાહે હિન્દીને મજબૂત કરવા માટે બે મોટી પહેલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રથમ હિન્દી સાહિત્ય અને તેના વિવિધ વ્યાકરણ સ્વરૂપોની વૃદ્ધિ, જાળવણી અને આયુષ્ય માટે લાંબા ગાળાની નીતિ વિકસાવવી. વધુમાં તેમણે ઉમેર્યું કે તેની સાથે તમામ આધુનિક શિક્ષણ અભ્યાસક્રમનું હિન્દી તેમજ અન્ય તમામ ભારતીય ભાષાઓમાં અનુવાદ કરવો પણ જરૂરી છે.

# IMD WEATHER

હવામાન વિભાગે કેરળ, માહે, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના જુદાજુદા ભાગોમાં આજે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

દરમિયાન આંદમાન અને નિકોબાર ટાપુ પર ભારે વરસાદની શક્યતા છે. આ તરફ પૂર્વીય ઉત્તર પ્રદેશ, બિહાર અને તટિય પશ્ચિમ બંગાળના જુદા જુદા વિસ્તારોમાં ધુમ્મસછાયું વાતાવરણ રહેશે. દિલ્હી અને એનસીઆરના ભાગોમાં પણ સવારે ધુમ્મસને કારણે લૉ વિઝીબ્લિટની સ્થિતિ રહી શકે છે.

# SOFT TENNIS SILVER

વિશ્વ સૉફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતના તનુશ્રી પાંડેએ રજત ચંદ્રક જીત્યો છે. ચીનના જિંગશાનમાં રમાઈ રહેલી ચેમ્પિયનશીપની અંડર 21ની મહિલા સિંગલ્સની ફાઇનલ મેચમાં તનુશ્રીને ચીનના સિયાંગ મિન યૂ દ્વારા 3-4થી હારનો સામનો કરવો પડ્યો. આ પૂર્વે તનુશ્રીએ સેમિફાઇનલમાં જાપાનની ખેલાડીને 4-3થી હરાવ્યા હતા.

# INDIAN RAILWAY

તહેવારોને પગલે રેલવે આજે રાજધાની દિલ્હીથી દેશના વિવિધ ભાગો માટે 22 વિશેષ ટ્રેનનું સંચાલન કરી રહ્યું છે. આ ટ્રેન સહરસા, જયનગર, પટણા, મુઝફ્ફરપુર, ગોરખપુર, દરભંગા, સિંકદરાબાદ અને માલદા ટાઉન માટે ચલાવવામાં આવી રહી છે.

રેલવે અનુસાર છઠ પૂજા દરમિયાન મુસાફરોની સુવિધા માટે આ મહિને 2 થી 8 નવેમ્બર વચ્ચે 145થી વધુ ટ્રેન ચલાવવામાં આવી રહી છે, જેનાથી પ્રતિ દિવસ બે લાખ વધારાના મુસાફરોને લાભ થઈ રહ્યો છે. રેલવેએ મુસાફરોની સંખ્યા જોતા ગત મહિનાની પહેલી તારીખથી આ મહિનાની 30 તારીખ સુધીમાં સાત હજારથી વધુ વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરી હતી. દરમિયાન લગભગ એક કરોડ યાત્રીઓને તેનો લાભ થયો.

# NAGALAND NEW DISTRICT

નાગાલેન્ડ રાજ્યના પોચુરી નાગા જનજાતિની વસતી ગણાતા મેલુરીને સત્તાવાર રીતે રાજ્યનો 17મો જિલ્લા જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે મેલુરીને તાત્કાલિક અસરથી પૂર્ણ જિલ્લો બનાવવાની જાહેરાત કરી છે.

રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે. આલમે 2 નવેમ્બરના રોજ આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. સરકારને આશા છે કે આનાથી આ વિસ્તારમાં વિકાસ અને વહીવટી વ્યવસ્થામાં સુધારો થશે.

# ISRAEL AIR STRIKE

લેબનોનમાં ઇઝરાયેલી દળોએ કરેલા હવાઇ હુમલામાં હિજબુલ્લાહનો કમાન્ડર અબુ અલી રીદા ઠાર મરાયો છે. લેબનીઝ સૈન્ય સૂત્રોને ટાંકીને કેટલાક મીડિયા અહેવાલોમાં કહેવાયું છે કે ઇઝરાયેલના હવાઈ હુમલામાં વરિષ્ઠ હિજબુલ્લાહ કમાન્ડર સહિત 13ના મોત થયા છે. ઇઝરાયેલ સુરક્ષા દળોએ એક નિવેદનમાં જણાવ્યું છે કે લેબનોનના દક્ષિણ ભાગમાં બારાચિટ નજીક હવાઈ હુમલામાં રિદાને નિશાન બનાવવામાં આવ્યા હતા.

વધુમાં કહેવાયું છે કે રીદા ઇઝરાયેલી દળો પર રોકેટ અને એન્ટી – ટેન્ક મિસાઇલ હુમલાઓના સંકલન તેમજ આ વિસ્તારમાં હિજબુલ્લાહની પ્રવૃત્તિઓના સંચાલન માટે જવાબદાર હતા. ઇઝરાયેલી સૈન્યએ જણાવ્યું છે કે હિજબુલ્લાહે ઉત્તરી ઇઝરાયેલમાં અંદાજે 60 જેટલા શસ્ત્રોથી ગોળીબાર કર્યો છે. જેની સામે ઇઝરાયેલની સેનાએ જવાબી કાર્યવાહી કરી છે. આ તરફ હિજબુલ્લાહે પણ ઉત્તરી ઇઝરાયેલમાં અનેક સ્થળોએ મિસાઇલ છોડવાની પુષ્ટિ કરી છે.